

## અકકલમંદને ઈશારો કાફી

સૂર્યપ્રભા નામની એક અત્યંત સ્વરૂપવાન તથા બુદ્ધિશાળી રાજકુમારી હતી. તેના પિતા મોટા રાજવી હતા. સૂર્યપ્રભાને લગ્ન કરવા માટે તે સમજાવતા. સૂર્યપ્રભા પોતાનાથી વધુ પ્રતિભાશાળી અને હોશિયાર યુવાનને જ પરણવા માગતી હતી. તેને રાજરાણી બનવું ન હતું. પૈસા અને સત્તાની તેને કોઈ ભૂખ ન હતી. તેણે પોતાના પિતાજીને કહ્યું, 'જે યુવાન મારી સાથે લગ્ન કરવા ઈચ્છતો હોય તેણે મને નવ સવાલ પૂછવાના. જેના એકાદ સવાલનો જવાબ હું ન આપી શકું તેવા મારાથી હોશિયાર યુવાન સાથે જ હું લગ્ન કરીશ.'

રાજાને પોતાની દીકરીની હોશિયારીની ખાતરી હતી તેથી જ તે ચિંતામાં પડી ગયા. તેમણે સૂર્યપ્રભાને પૂછયું : 'તને બધા જ સવાલના જવાબ આવડે તો શું થાય ?'

સૂર્યપ્રભાએ કહ્યું, 'તો તે જ પળે ફેંસલો થઈ જાય. તે યુવાનને ફરી તક ન મળે.'

રાજાએ રાજયભરમાં ઢંઢેરો પીટાવ્યો. અને પોતાની પુત્રીને પરણવા ઈચ્છતા યુવાનોને તૈયારી સાથે આવવાનું નિમંત્રણ આપ્યું.

રાજાની કુંવરીની સાથે લગ્ન કરવાની ઈચ્છા કોને ન હોય ? હજારો યુવાનોએ લાઈન લગાવી દીધી. પોતપોતાનું નસીબ અજમાવવા તૈયારી કરીને યુવકો આવવા લાગ્યા. અનેક યુવાનોએ રાજકુંવરીને જાતજાતના અઘરા પશ્નો પૂછયા, પરંતુ રાજકુંવરી એટલી હોશિયાર હતી કે બધાના પશ્નોના તે ફટાફટ જવાબ આપતી હતી. રાજાની ચિંતા તો વધી ગઈ. રાજાએ પોતાના સૌથી વિશ્વાસુ પ્રધાન અને મિત્ર ગણેશને બોલાવ્યા. ગણેશે કુંવરીના શિક્ષક તરીકે પણ કામ કર્યું હતું તેથી તે સૂર્યપ્રભાને

બરાબર ઓળખતા હતા. તેમણે કહ્યું, 'વર્ષો પહેલાં શશીશેખર નામનો ખૂબ હોશિયાર વિદ્યાર્થી મારી પાસે ભણતો હતો. તે આ શહેરમાં છે. હું કાલે એને અહીં બોલાવીશ.'

બીજે જ દિવસે એક ફૂટડો, ઊંચો અને દેખાવડો યુવાન દરબારમાં હાજર થયો. તેણે સાદાં કપડાં જ પહેર્યાં હતાં. પરંતુ તેની આંખમાં વિદ્યા અને ખાનદાનીનું તેજ હતું. તેણે રાજકુમારીને પ્રશ્નો પૂછવાની ઈચ્છા વ્યકત કરી. તરત જ તેને કુંવરી સામે હાજર કરવામાં આવ્યો. બંને સામસામા બેસી ગયાં અને કુંવરીએ ઈશારો કર્યો.

શશીશેખરે પ્રથમ પ્રશ્ન પૂછ્યો :

– 'આકાશમાં કેટલા તારા છે ?'

'ઘેટાના શરીર પર જેટલા વાળ હોય તેટલા.'

– 'પૃથ્વી પર સૌથી સુંદર બાળક કયું હોય ?'

'દરેક મા માટે પોતાનું બાળક સૈથી સુંદર હોય. સીદીભાઈને સીદકાં વહાલાં.'

– 'સત્ય અને અસત્ય વચ્ચે શો ફરક ?'

'કાન અને નાક જેટલો. આપણી આંખ હંમેશાં સત્ય જ જુએ છે, પરંતુ કાન બંને સાંભળી શકે.'

– 'એવો કયો માણસ છે કે જેને હાથ છે છતાંય હાથ વગરનો ગણાય છે?'

'જે એ હાથ વડે દાન નથી આપતો તેવો પૈસાદાર માણસ.'

– કોને આંખ છે છતાંય અંધ છે?'

'જે બીજાનાં દુઃખ દર્દ જોઈ નથી શકતો તેવો કરુણાહીન મનુષ્ય છતી આંખે આંધળો કહેવાય.

આટલા પ્રશ્નોના જવાબ સાંભળ્યા પછી શશીશેખરે તેને એક તૂટતા મહેલનું ચિત્ર બતાવ્યું. તેણે પૂછ્યું, 'આ તૂટી રહેલો મહેલ જોઈને તમે શો અર્થ કાઢો છો?'

સૂર્યપ્રભાને ખ્યાલ આવી ગયો હતો કે શશીશેખરે ખૂબ જ પ્રતિભાશાળી હતો. બીજા યુવાનોથી એ જુદો જ તરી આવતો હતો. રાજકુમારી બોલી, 'જે ઘર મજબૂત પાયા પર રચાયું ન હોય તેની આવી જ દશા થાય, પછી તે ઝૂંપડી હોય કે મહેલ!'

શશીશેખરે બીજું ચિત્ર બતાવ્યું. તેમાં એક વૃદ્ધા જંગલમાંથી લાકડાં વીણીને મોટો ભારો પોતાની પીઠ પર ઊંચકીને જતી હતી. રાજકુમારી સ્મિત સાથે બોલી, 'માનવીના સ્વભાવમાં કેટલાં લોભ અને લાલચ હોય છે તેનું અહીં વર્ણન કર્યું છે.'

સાત પ્રશ્નોના ઉત્તર તો રાજકુંવરીએ બરાબર સાચા આપ્યા હતા. હવે બે જ સવાલ બાકી હતા. શશીશેખરે ખૂબ જ સરસ સવાલ પૂછયો, 'કુંવરીબા, આપ જેનો જવાબ આપી જ ન શકો તેવો પ્રશ્ન કયો છે?'

સૂર્યપ્રભા આવો ચબરાક પ્રશ્ન સાંભળીને અવાક થઈ ગઈ. તે ધર્મસંકટમાં પડી. જવાબ આપે તો શશીશેખરને છેલ્લો પ્રશ્ન જડી જાય, અને જવાબ ન આપે તો તેની હાર નિશ્ચિત થઈ જાય. જવાબ તો તેણે આપવો જ પડે. તેણે શરમાઈને શશીશેખર સામે માથું નમાવી દીધું. 'હું મારી હાર સ્વીકારું છું.'

આમ,બે અત્યંત પ્રતિભાશાળી યુવાન– યુવતીનાં લગ્ન થયાં. રાજા પણ પોતાની દીકરીની પસંદગીથી રાજી થયા.

**સૌજન્ય :– સાચને નહીં આંચ**

**લેખિકા :– સુધામૂર્તિ**

**અનુવાદિકા :– સોનલ મોદી**